# ગુજરાતમાં માનવ– વન્ય જીવન વચ્ચે સંઘર્ષ અંગે ઉપલબ્ધ કાયદાકીય તંત્ર

# LEGAL MECHANISMS AVAILABLE IN HUMAN WILDLIFE CONFLICT



**Disclaimer:** There is no copyright on this publication. You are free to share, translate and distribute this material. We request that the source be acknowledged and a copy/link of your reprint, report or translation be sent to the CPR-Namati Environmental Justice Program.

**Research:** Centre for Policy Research-Namati Environmental Justice Program

**Translation:** Vimal Kalavadiya

**Design:** Vani Subramanian

**Print:** Printforce

This research work has been supported by the Duleep Matthai Nature Conservation Trust (DMNCT)

**અસ્વિકૃતિકરણ:** આ સાહિત્યનું ભાષાંતર કરવા, વિતરણ કરવા કે વહેંચણી કરવા માટેની પરવાનગી છે. આપનાં દ્વારા પુન: મુદ્રણ, ભાષાંતર કે અહેવાલમાં નમતીને મુખ્ય સ્ત્રોત તરીકે દર્શાવવુ અને તેની નકલ સી.પી.આર.- નમતીને મોકલી આપવા અમારી વિનંતી છે.

**સંશોધન:** સેન્ટર ફોર પોલીસી રીસર્ચ -નમતી એન્વાયર્નમેન્ટલ જસ્ટીસ પ્રોગ્રામ

**અનુવાદ:** વીમલ કાલાવડીયા

**ડીઝાઇન:** વાણી સુબ્રમણ્યમ

**મુદ્રક:** પ્રીન્ટ ફોર્સ

આ સંશોધન કાર્ય દૂલીપ મથ્થાઇ નેચર કન્ઝર્વેશન ટ્રસ્ટ ( ડી.એમ.એન.સી.ટી. ) દ્વારા સહાયતા પ્રાપ્ત છે

# ગુજરાતમાં
# માનવ - વન્યજીવન વચ્ચે
# સંગર્ષ અંગે ઉપલબ્ધ
# કાયદાકીય તંત્ર

# LEGAL MECHANISMS AVAILABLE IN HUMAN WILDLIFE CONFLICT

# ગુજરાતમાં માનવ – વન્ય જીવન વચ્ચે સંઘર્ષ અંગે ઉપલબ્ધ કાયદાકીય તંત્ર

આ પત્રિકા માહિતગાર કરે છે:

૧ વન્યજીવન સાથેનાં સંઘર્ષ અંગેની વળતર તંત્ર રચના/ પદ્ધતિઓ

૨ ગુજરાતમાં માનવ વન્યજીવન વચ્ચે સંઘર્ષનું પ્રમાણ

૩ ગુજરાત સરકાર અને કેન્દ્ર સરકાર દ્વારા સમસ્યાઓનાં ઉકેલ માટે અપનાવવામાં આવેલા વિવિધ માપદંડો

૪ વળતરનાં માપદંડો અને દાવો કેવી રીતે નોંધાવવો.





# Legal mechanisms available in human wildlife conflict in Gujarat

**This handout deals with:**

1 the compensatory mechanisms related to conflicts with wildlife

2 the status of human wildlife conflict in Gujarat.

3 various measures adopted by the Gujarat state and the Central government to address the issue.

4 compensation measures and how to file claims for the same.

# માનવ-વન્યજીવન સંઘર્ષ એટલે શું?

માનવ જીવન અને વન્યજીવન વચ્ચે સંઘર્ષ ત્યારે જન્મે છે  જયારે કાં તો ‘‘વન્યજીવનની જરૂરીયાતો અને આવશ્યકતાઓ માનવ લક્ષ્યો પર નકારાત્મક અસરો ઉભી કરે અથવા તો જયારે માનવ લક્ષ્યો વન્યજીવન પર નકારાત્મક અસરો ઉભી કરે’’[૧]. માનવ વન્યજીવન સંઘર્ષ મોટાભાગે, પાક, કે પશુપાલન, સંપતી કે માનવ જીવનનાં નૂકશાનમાં પરિણમે છે. એવુ ત્યારે પણ બને છે, જયારે માનવ તેમને કે તેમની સંપતીને વાસ્તવીક કે માની લીધેલા નૂકશાનનાં કારણે ‘‘ઇરાદાપૂર્વક’’ વન્યજીવનને ઘાયલ કરવા, પ્રતાડીત કરવા કે હત્યા કરવા માટેની સમજણ કેળવે ત્યારે થાય છે.

૧ વર્લ્ડ પાર્કસ કોંગ્રેસ ( ડબલ્યુ.પી.સી. ), ડબલ્યુ.પી.સી. ભલામણો, ભલામણ ૨૦: માનવ-વન્ય જીવન સંઘર્ષ નિવારણ અને શમન ( ૮-૧૭ સપ્ટેમ્બર ૨૦૦૩ ) http://www.iucn.org/themes/wcpa/wpc2003/pdfs/outputs/recommendations/approved/english/html/r20.htm



# WHAT IS HUMAN-WILDLIFE CONFLICT (HWC)?

Human wildlife conflict occurs when “needs and requirements of wildlife impact negatively on the goals of humans or when the goals humans negatively impact the needs of the wildlife” . Human wildlife conflicts usually result in the loss of crops, livestock, property and loss of human lives.  It also occurs when humans are understood to have ‘deliberately’ injured, abused or killed wildlife because of actual or perceived threats to themselves or their property.

1 World Parks Congress (WPC), WPC Recommendations, Recommendation 20: Preventing and Mitigating Human-Wildlife Conflicts (8–17 Sept. 2003), http://www.iucn.org/themes/wcpa/wpc2003/pdfs/outputs/recommendations/approved/english/html/r20.htm

## એચ.ડબલ્યુ.સી. કયાં અને શા માટે ઉદભવે છે?

અભ્યાસ જણાવે છે કે માનવ વન્યજીવન સંઘર્ષ વન્યજીવન વસાહતોનાં નૂકશાન, પતન કે વિભાજન થવાનાં કારણે ઉદભવે છે.[૨] અભ્યાસ કારણો દર્શાવે છે, કે માનવ વન્યજીવન સંઘર્ષો રક્ષીત વિસ્તાર (નેશનલ પાર્ક, વાઇલ્ડલાઇફ સેન્ચુરી, કન્ઝર્વેશન રીઝર્વ અને કમ્યુનિટી રીઝર્વ), આસપાસ જ પરિણમે છે, કારણ કે આ વિસ્તાર વન્યજીવનની જરૂરીયાતો સંતોષવા માટે અપૂરતો છે[૩].



## માનવ વન્યજીવન સંઘર્ષનો અંદાજો

કંટ્રોલર એન્ડ ઓડીટર જનરલ રીપોર્ટ ૨૦૧૭ મુજબ, એ અંદાજો છે કે ભારતમાં વર્ષે અંદાજે હાથી સાથેનાં સંઘર્ષમાં ૪૦૦ માણસોનું મૃત્યુ થયુ છે અને આ આવા કેસમાં અંદાજે ૫,૦૦,૦૦૦ પરિવારો ને પાકનાં નિકંદન દ્વારા નૂકશાન પહોંચ્યુ છે. એ પણ અંદાજો લગાવવામાં આવ્યો છે કે, ''સમસ્યા'' નાં નિરાકરણ માટે પ્રતિશોધમાં અંદાજે ૧૦૦ હાથીઓની હત્યા કરવામાં આવી છે. સરકારી અહેવાલ મુજબ ગુજરાતમાં સિંહો, નીલ ગાય, અને જંગલી સુવર વચ્ચે સંઘર્ષો ઉદભવે છે.[૪]

૨ કમ્પ્ટ્રોલર એન્ડ ઓડીટર જનરલ રીપોર્ટ નં ૬ ઓફ ૨૦૧૭

3 મેડન, એફ.એમ. (૨૦૦૮). ધ ગ્રોવીંગ કોન્ફલીક્ટ બીટવીન હ્યુમન્સ એન્ડ વાઇલ્ડ લાઇફ : લો એન્ડ પોલીસી એઝ કન્ટ્રીબ્યુટીંગ એન્ડ મીટીગેટીંગ ફેક્ટર્સ.જર્નલ ઓફ ઇન્ટરનેશનલ વાઇલ્ડલાઇફ લો એન્ડ પોલીસી, ૧૧ (૨-૩),૧૮૯-૨૦૬; ઓગ્રા,એમ.વી.(2008). હ્યુમન-વાઇલ્ડલાઇફ કોન્ફલીક્ટ એન્ડ જેન્ડર ઇન પ્રોટેક્ટેડ એરીયા બોર્ડર લેન્ડસ: અ કેસ સ્ટડી ઓફ કોસ્ટસ,પરસેપ્શન્સ, એન્ડ વલ્નરેબીલીટીઝ ફ્રોમ ઉત્તરાખંડ (ઉતરાંચલ), ઇન્ડીયા, જીયો ફોરમ, ૩૯ (૩), ૧૪૦૮-૧૪૨૨

4 https://forests.gujarat.gov.in/writereaddata/images/pdf/8_Asiatic-Lion-Conservation-Booklet.pdf

## WHY DO HWCS ARISE?

Studies have said that HWC arises due to the loss, degradation and fragmentation of wildlife habitats.[2] Studies have also reason that human wildlife conflicts arise near Protected Areas (National Parks, Wildlife sanctuaries, Conservation reserves and Community Reserves), as these areas are insufficient for the needs of the wildlife.[3]



## ESTIMATES OF HUMAN WILDLIFE CONFLICT

As per Comptroller and Auditor General's report in 2017, it is estimated that nearly 400 people are killed annually in elephant conflict related incidences in India and they cause damages approximately up to 5,00,000 families through crop depredation. It is also estimated that farmers in a bid to remove 'problem' animals kill around 100 elephants due to retaliation. In Gujarat as per government reports, conflicts arise between lions, blue bull and wild boar.[4]

2 Comptroller and Auditor General Report No 6 of 2017

3 Madden, F. M. (2008). The growing conflict between humans and wildlife: law and policy as contributing and mitigating factors. Journal of International Wildlife Law & Policy, 11(2-3), 189-206. ;Ogra, M. V. (2008). Human–wildlife conflict and gender in protected area borderlands: a case study of costs, perceptions, and vulnerabilities from Uttarakhand (Uttaranchal), India. Geoforum, 39(3), 1408-1422.

4 https://forests.gujarat.gov.in/writereaddata/images/pdf/8_Asiatic-Lion-Conservation-Booklet.pdf

| પ્રાણી | નૂકશાન | ક્યારે | ક્યાં |
|---|---|---|---|
| વાઘ | ૯૮ મૃત્યુ | ૧ એપ્રીલ ૨૦૦૯ - ૩૧ માર્ચ, ૨૦૧૭ | ભારત |
| હાથી | ૨૮૦૪ મૃત્યુ | એપ્રીલ ૨૦૦૯ - ૩૧ માર્ચ, ૨૦૧૬ | ભારત |
| સિંહ | ૨૦૨૩ મૃત્યુ | ૨૦૦૫-૨૦૦૯ | ગુજરાત |
| સિંહ | ૧૬૭૫ પશુ | ૧૯૮૬-૨૦૦૧ | ગુજરાત |

| ANIMAL | DAMAGE | WHEN | WHERE |
|---|---|---|---|
| Tiger | 98 deaths | 1 April 2009 - 31 March 2017 | India |
| Elephant | 2804 deaths | April 2009 - 31 March 2016 | India |
| Lion | 2023 deaths | 2005-2009 | Gujarat |
| Lion | 1675 deaths | 1986-2001 | Gujarat |

# સંઘર્ષ ડામવા માટે શું પગલા લેવામાં આવ્યા?

માનવ વન્યજીવન વચ્ચે સંઘર્ષની ઘટનાઓમાં વધારો થવાનાં કારણે, એમ.ઓ.એફ.સી.સી. અને વિવિધ રાજય સરકારો દ્વારા પરિસ્થિતીનાં ઉકેલ માટે  યોજનાઓ અને આયોજન બનાવવામાં આવ્યા. માનવ વન્યજીવન સંઘર્ષો નિવારવા માટે પગલાઓ ભરવામાં આવ્યા તેવી જ રીતે સંઘર્ષ દરમ્યાન થયેલ નૂકશાનનાં વળતર ચૂકવણી માટે પ્રક્રીયા પણ ગોઠવવામાં આવી. નીચે મુજબનાં અમુક પગલાઓ કાયદા અંતર્ગત અને વિવિધ સતાઓ દ્વારા લેવામાં આવેલા.

# WHAT IS DONE TO TACKLE HWC?

Due to the rising instances of HWC, the MOEFCC and various state governments have come up with schemes and plan to remedy the situation. Actions are taken to prevent HWC as well as procedures have been set up to provide compensation for the losses incurred during a HWC. Following are a few measures under the law and taken by various authorities.

| KIND | AUTHORITY/LAW | DETAILS |
|---|---|---|
| **Advisories** | MoEFCC under WLPA | Provisions under the WLPA have been encouraged to be used by MOEFCC through various circulars. For example, as in 2015 asks the states to form a Human Wildlife Conflict Management strategy and plans for identified conflict zones for quick response action. It lays down certain basic actions that could be put in these plans. Amongst is that, local volunteers should be trained to handle incidences of human wildlife conflict. |
| **National Wildlife Action Plan (2017-2031)** | MoEFCC under WLPA | As per this, new institutions would be created for HWC mitigation.[5]<br>Few examples:-<br>• Centre for Excellence for HWC mitigation will be set up at the MOEFCC, which would coordinate with the various State Forest Departments, local bodies, scientific institutes and NGOs.<br>• Conflict Mitigation Squads in selected regions to train and enhance squads for quick and effective response<br>• Primary Response Teams, consisting of local community persons who would be selected through consultation with local bodies and public representatives |
| **Augmentation of Fodder & Water Scheme in Protected Areas/Forest Areas** | MoEFCC under Compensatory Afforestation Fund Management and Planning Authority | Under this augmentation of fodder and water sources are done for wild herbivores within the Protected Area/Forests where degraded habitat is known to be the cause of significant human wildlife conflict |
| **VanyaPranyaMitra under Asiatic Lion landscape management in Gujarat** | Gujarat Government | Gujarat has a VanyaPraniMitra system where members of the local community are appointed VanyaPraniMitra to monitor and mitigate situations of HWC and help in checking the veracity of claim for damages and for assessing the damage. |

5 As per information found on public domain, these institutions have not been formed yet

| પ્રકાર | સત્તાઓ / કાયદા | વિગત |
|---|---|---|
| **સલાહકાર/ માર્ગદર્શક** | ડબલ્યુ.એલ.પી.એ. અંતર્ગત એમ.ઓ.ઇ.એફ.સી.સી. | એમ.ઓ.ઇ.એફ.સી.સી. દ્વારા ડબલ્યુ.એલ.પી.એ.અંતર્ગતની જોગવાઇઓ ઉપયોગ કરવા માટે વિવિધ પરિપત્રો દ્વારા પ્રોત્સાહીત કરવામાં આવ્યા.દા.ત. 2015 દરેક રાજ્યોને માનવ વન્યજીવન સંઘર્ષ વ્યવસ્થાપન મુસદ્દો તૈયાર કરવા અને તાત્કાલીક પ્રતિકાર પ્રક્રીયા માટે સંઘર્ષ વિસ્તારની ઓળખ કરવા માટેનું આયોજન તૈયાર કરવા માટે જણાવવામાં આવેલુ. તેમાં ચોક્કસ પાયાનાં કાર્યો દર્શાવવામાં આવેલા જેને આ આયોજનમાં મૂકી શકાય. સાથે સાથે સ્થાનિક સ્વયંસેવકોને પણ તાલીમ આપવી જોઇએ કે જેથી તેઓ માનવ વન્યજીવન વચ્ચે સંઘર્ષની આવી ઘટનાઓ પર કામ કરી શકે. |
| **નેશનલ વાઇલ્ડલાઇફ એક્શન પ્લાન (2017-2031)** | ડબલ્યુ.એલ.પી.એ. અંતર્ગત એમ.ઓ.ઇ.એફ.સી.સી. | આ મુજબ, માનવ - વન્યજીવન વચ્ચે સંઘર્ષ નિવારવા માટે નવી સંસ્થાઓ બનાવવી જોઇએ.[5]<br>કેટલાક ઉદાહરણ<br>• માનવ - વન્યજીવન વચ્ચે સંઘર્ષ નિવારણ માટે એમ.ઓ.ઇ.એફ.સી.સી. સ્તરે સેન્ટર ફોર એક્સીલેન્સ ફોર એચ.ડબલ્યુ.સી.ની સ્થાપનાં થવી જોઇએ, કે જે વિવિધ રાજયનાં વન વિભાગો, સ્થાનિક માળખાઓ, વૈજ્ઞાનિક સંસ્થાનો અને બિન સરકારી સંસ્થાઓ સાથે સંકલન કરી શકે.<br>• પસંદગી પામેલ વિસ્તારોમાં સંઘર્ષ નિવારણ દળને તાલીમ આપવી અને ત્વરીત અને અસરકારક પ્રતિભાવ માટે તેમાં વધારો કરવો<br>• સ્થાનિક સામુદાયીક વ્યક્તિઓની સામેલગીરી વાળી પ્રાથમિક પ્રતિભાવ ટીમ, કે જે સ્થાનિક માળખાઓ અને લોક પ્રતિનિધીઓ સાથે ચર્ચા કર્યા બાદ પસંદ કરવામાં આવેલ હોય. |
| **સંરક્ષીત વિસ્તાર/વન વિસ્તારમાં ઘાંસચારા અને જળ વૃધ્ધી યોજના** | વળતર વનીકરણ ભંડોળ વ્યવસ્થાપન અને આયોજન સતા અંતર્ગત એમ.ઓ.ઇ.એફ.સી.સી. | આ અંતર્ગત માનવ -વન્યજીવન સંઘર્ષોનાં કારણે નબળા વસવાટ તરીકે જાણીતા રક્ષીત વિસ્તાર/ જંગલ માં વન્ય શાકાહારીઓ માટે ઘાંસચારો અને જળ વૃધ્ધીકરણ કરવામાં આવ્યુ. |
| **ગુજરાતમાં એશીયાટીક લાયન લેન્ડસ્કેપ મેનેજમેન્ટ અંતર્ગત વન્ય પ્રાણી મીત્ર** | ગુજરાત સરકાર | ગુજરાતમાં વન્ય પ્રાણી મીત્ર પદ્ધતિ છે કે જયાં સ્થાનિક  સમુદાયનાં લોકોને વન્યજીવન-માનવ સંઘર્ષ નિવારવા અને દેખરેખ રાખવા માટે વન્ય પ્રાણી મીત્ર તરીકે નિયુકત કરવામાં આવે છે અને નૂકશાનનાં દાવાની ખરાઇ કરવા અને નૂકશાનનાં મૂલ્યાંકનમાં પણ મદદરૂપ થાય છે. |

૫ પબ્લીક ડોમેઇન પરથી મેળવવામાં આવેલી માહિતી મુજબ, આ સંસ્થાઓ હજુ સુધી રચવામાં આવી નથી .

## શું સંઘર્ષ નિવારવા માટેનાં પગલા તરીકે શિકાર કરવાની પરવાનગી છે?

આ પરવાનગી કેન્દ્ર સ્તરે એમ.ઓ.ઇ.એફ.સી.સી.અથવા તો રાજય સ્તરે ચીફ વાઇલ્ડલાઇફ વોર્ડન દ્વારા આપવામાં આવી શકે. નીચે મુજબની બાબતોમાં જ આ પરવાનગી આપી શકાય :

- જયારે એ ખાત્રી હોય કે સીડયુલ -૧ માં દર્શાવવામાં આવેલ પ્રાણી માનવ જીવન માટે ખતરારૂપ હોય કે અપંગ થઇ ગયેલ હોય અથવા અસાધ્ય રોગથી પીડીત હોય [ડબલ્યુ.એલ.પી.એ.નાં સેકશન ૧૧ (૧) (એ) અંતર્ગત]
- જયારે એ ખાત્રી હોય કે ડબલ્યુ.એલ.પી.એ.નાં સીડયુલ -૧ માં દર્શાવવામાં આવેલ પ્રાણી માનવ જીવન કે સંપતીને માટે ખતરારૂપ હોય. (ખેતરમાં ઉભેલા પાક સહીત) [સેકશન ૧૧ (૧) (બી) અંતર્ગત] ડબલ્યુ.એલ.પી.એ.માં સીડયુલ એ વિવિધ સ્તનધારીઓ, ઉભયજીવીઓ, સરીસૃપો, કીટકો વગેરેની યાદી દર્શાવે છે.



## શું વન્ય પ્રાણીઓને ખતરારૂપ જાહેર કરવામાં આવે છે?

ડબલ્યુ.એલ.પી.એ.નાં સેકશન ૬૨ એ કેન્દ્ર સરકાર ને નોટીફીકેશન દ્વારા વન્યજીવોને ચોક્કસ વિસ્તાર અને  સમયગાળા માટે ખતરારૂપ જાહેર કરી શકવાની સતા આપવામાં આવી છે. કોઇ પણ પ્રાણી ખતરારૂપ જાહેર કરવુ એ સૂચીત કરે છે કે તેનો શિકાર કરી શકાય છે. ઘણા એવા કીસ્સાઓ પણ રહ્યા છે કે જેમાં માનવ -વન્યજીવ સંઘર્ષને પહોંચી વળવા માટે પ્રાણીઓને ખતરારૂપ જાહેર કરવામાં આવ્યા હોય.

## IS HUNTING PERMITTED AS A MEASURE TO CONTROL AND MITIGATE HWC?

It can be permitted by the MOEFCC at the Centre or the Chief Wildlife Warden at the State level. This can be done in the following instances:

- When it is satisfied that an animal specified in Schedule I, is dangerous to human life or is disabled or diseased beyond recovery [Under Section 11 (1) (a) of the WLPA]
- When it is satisfied that an animal specified in Schedule II-IV of the WLPA becomes dangerous to human life or property (including standing crops in any land) [Under Section 11 (1) (b)]. The Schedules in the WLPA lists the various mammals, amphibians, reptiles, insects etc.



## HAVE WILD ANIMALS BEEN DECLARED VERMIN?

Section 62 of WLPA empowers the central government to declare by notification wild animals to be vermin for specified area and period. Declaring an animal vermin implies that the wild animal can be hunted. There have been instances where animals have been declared vermin address human wildlife conflicts:

| પ્રાણીઓ | ક્યાં? | સમયગાળો | કારણ |
|---|---|---|---|
| **રહેસુસ મકાકે વાનર** | હીમાચલ પ્રદેશનાં ભાગોમાં, વનવિસ્તારમાં બિન અમલી | ૨૪ મે ૨૦૧૬ થી એક વર્ષનાં સમયગાળા માટે | જીવન અને સંપતીને નૂકશાન અને મોટા પાયા પર કૃષીનું નિકંદન |
| **જંગલી ભુંડ** | ઉતરાખંડનો વિસ્તાર કે જ્યાં જંગલી ભુંડ જોવા મળે છે. | ૩ ફેબ્રુઆરી ૨૦૧૬ થી એક વર્ષનાં સમયગાળા માટે જાહેર કરવામાં આવેલ | વન વિસ્તારથી બહાર ભુંડ વસ્તી અતિક્રમણનાં કારણે જીવન અને બહોળા પ્રમાણમાં ખેતી નિકંદન સહીત સંપતીને નૂકશાન |
| **નીલ ગાય અને જંગલી ભુંડ** | બીહારનાં પ્રદેશોમાં | ૧ ડીસેમ્બર ૨૦૧૫ થી એક વર્ષ માટે જાહેર કરવામાં આવેલ | વન વિસ્તારથી બહાર ભુંડ અને નીલ ગાયનાં વસ્તી અતિક્રમણનાં કારણે જીવન અને બહોળા પ્રમાણમાં ખેતી નિકંદન સહીત સંપતીને નૂકશાન |



| ANIMAL | WHERE | ISSUED FOR | REASON |
|---|---|---|---|
| **Rhesus Macaque monkeys** | Parts of Himachal Pradesh, not applicable in forest areas | For a period of one year from 24th May 2016 | Damage to life and property and large-scale destruction of agriculture |
| **Wild Pig** | Areas where wild pig is found in Uttrakhand | Issued on 3rd February 2016 for a period of one year | Harm to life and property including large scale destruction of agriculture due to overpopulation of wild pigs in areas outside forests |
| **Nilgai and Wild pig** | Parts of Bihar | Issued on 1st December, 2015 for a period of one year | Harm to life and property including large scale destruction of agriculture due to overpopulation of Nilgai and wild pigs in areas outside forests |

## શું કોઇ વ્યકતીને માનદ વન્યજીવન રક્ષક તરીકે નિયુક્ત કરી શકાય?

ડબલ્યુ.એલ.પી.એ. સેકશન ૪ અંતર્ગત માનદ વન્યજીવન રક્ષક તરીકે નિમણૂં કરવાની પરવાનગી આપે છે.અન્ય ફરજોની સાથે માનદ વન્યજીવન રક્ષક વળતર ચૂકવણી અને તેનાં મૂલ્યાંકન સહીત વન્યપ્રાણીઓ દ્વારા જીવન અને સંપતીને થતા નૂકશાન અંગેની સમસ્યાઓ સાથે કામ કરે છે.

એવી વ્યકતી કે જેનો સ્થાનિક સ્તરે પ્રભાવ હોય, વન્યજીવન સંરક્ષણ સાથે નિસ્બત ધરાવતા હોય, જે એવી કોઇ પણ પ્રવૃતિ કે જે પ્રકૃતિ અને વન્યજીવનનાં હીતને નૂકશાનકારક હોય તેમાં સામેલ ના હોય અને અધીકારીક તંત્રને મદદ કરવાની ક્ષમતા ધરાવતી હોય તેવી કોઇ પણ વ્યકિત માનદ વન્યજીવન સંરક્ષક તરીકે નિયુકત થઇ શકે.

આ નિયુકતી રાજય સરકાર દ્વારા ડબલ્યુ.એલ.પી.એ. અંતર્ગત રચવામાં આવેલ વાઇલ્ડ લાઇફ એડવાઇઝરી બોર્ડ દ્વારા કરવામાં આવેલી ભલામણનાં આધાર પર કરવામાં આવે છે.

## CAN ANY PERSON BE APPOINTED AS AN HONORARY WILDLIFE WARDEN?

The WLPA provides for the appointment of Honorary Wildlife Wardens under Section 4 of the Act. Among other duties, Honorary Wildlife Warden measures to deal with the problem of damage by wild animals to life and property, including assessment and payment of compensation.

These Honorary Wildlife Wardens can be any person who has a local standing, concern for wildlife conservation, is not involved in any activity detrimental to the interests of nature and wildlife and has the capacity to help in the official machinery.

The appointment is be made on the recommendation of the Wildlife Advisory Board, which is set up by the State governments under the WLPA.

# વળતરનાં માપદંડો

માનવ - વન્યજીવન સંઘર્ષનાં કારણે સરકાર દ્વારા થયેલા નૂકશાનનું વળતર ચૂકવવા માટે માપદંડો તૈયાર કરવામાં આવેલા છે.

## એમ.ઓ.ઇ.એફ.સી.સી. દ્વારા વળતર માટે કેટલી રકમ નક્કી કરવામાં આવી છે?

એમ.ઓ.ઇ.એફ.સી.સી. દ્વારા તા. ફેબ્રુઆરી ૯, ૨૦૧૮ નાં રોજ જારી કરવામાં આવેલ પરિપત્ર [એફ.નં.૧૪-૨/૨૦૧૧ ડબલ્યુ-૧ (પી.ટી.-૨)] મુજબ વળતરની રકમ કેન્દ્રીય યોજના દ્વારા માનવ-વન્યજીવન સંઘર્ષની બાબતમાં વધારવામાં આવી છે. પરિપત્રમાં સુચીત વળતર રકમ નીચે પ્રમાણે છે. આ રકમ એ રાજયો માટે સમાન વળતર નક્કી કરવા માટેની માર્ગદર્શિકા છે. આ દસ્તાવેજમાં નુકશાનનાં કારણોનાં પ્રકાર વર્ણવવામાં આવેલ નથી.

| નૂકશાનનાં પ્રકાર | રકમ |
|---|---|
| માનવ મૃત્યુ કે કાયમી અપંગતા | રૂા. પાંચ લાખ |
| ગંભીર ઇજા | રૂા. બે લાખ |
| સામાન્ય ઇજા | વ્યક્તિ દીઠ ૨૫૦૦૦ રૂા. સુધીનો સારવાર ખર્ચ |
| સંપતી / ખેતીવાડીનું નૂકશાન | રાજય/યુ.ટી. સરકારો તેમને સૂચવવામાં આવેલા ભાવ નિયમોનું પાલન કરી શકે છે. |



# COMPENSATION MEASURES

Due to the rise in human wildlife conflict, the government has come up with compensation measures to compensate for the damage that is incurred.

## WHAT IS THE COMPENSATION AMOUNT SET BY MOEFCC?

As per a circular [F.No.14-2/2011 W-I (Pt-II)] issued on February 9th, 2018 by the MOEFCC, the compensation amounts through central schemes in case of human wildlife has been increased. Following is the compensation amounts prescribed as per this circular. These amounts are guidelines to the states to set similar amounts. The nature of damage caused has not been defined in this document.

| NATURE OF DAMAGE CAUSED | AMOUNT |
|---|---|
| Death or permanent incapacitation to human beings | Rs 5 lakh |
| Grievous injury | Rs 2 lakh |
| Minor injury | Cost of treatment upto Rs. 25,000 per person |
| Loss of property/crops | State/UT governments may adhere to the cost norms prescribed them |

# વળતર

## મેળવવા માટે ગુજરાતમાં શું પ્રક્રીયા નક્કી કરવામાં આવેલી છે?

વન્યજીવન મતલબ ડબલ્યુ.એલ.પી.એ.નાં સીડયુલ ૧ થી ૪માં દર્શાવવામાં આવેલા પ્રાણીઓ. તેમાં સમાવવામાં આવેલ છે, પરંતુ સિંહો, દીપડા, હાથી, મગરમચ્છ, રીછ, ઇન્ડીયન વરુ, જંગલી ભુંડ, ગૌર અને જંગલી કુતરાઓ સુધી જ મર્યાદીત નથી



# WHAT

## IS THE PROCEDURE LAID DOWN IN GUJARAT FOR OBTAINING COMPENSATION?

A procedure is laid down to access compensation in case of human wildlife conflict in Chhattisgarh, through various government orders. Wildlife in this case means any animal specified in Schedule I to IV of the WLPA. This includes, but is not limited to Lions, Tigers, Leopard, Elephant, Crocodile, Sloth Bear, Indian Wolf, Wild Boar, Gaur and Wild Dogs.

## નીચેનું કોષ્ટક નૂકશાનીનાં પ્રકાર, ગુજરાતમાં વળતર પેટે આપવામાં આવતી રકમ, કઇ સંસ્થાનો સંપર્ક કરવો અને પ્રક્રીયાની માહીતી પુરી પાડે છે

| પ્રકાર | રકમ | સંપર્ક સંસ્થા | જરૂરી વિગત | માહિતી |
|---|---|---|---|---|
| મૃત્યુ<br>કાયમી ઇજા<br>ઇજા | રૂા. ૧,૦૦,૦૦૦<br>રૂા. ૧૦,૦૦૦<br>રૂા. ૨,૫૦૦ | રેન્જ ઓફીસર, વન વિભાગ | ઇજાની માહિતી, ઓળખ આધાર, રાશન કાર્ડની નકલ | ફોરેસ્ટ સેકશન અધિકારી અરજીની તપાસ કરે, અને સાથે મેડીકલ સર્ટીફીકેટ, દાખલ થયાનાં સર્ટીફીકેટ, અને ઇજાનાં પ્રકાર અંગેની માહિતી ડેપ્યુટી કન્ઝર્વેટર ઓફ ફોરેસ્ટને (ડી.સી.એફ.) રજુ કરે. અને ડી.સી.એફ. વળતરનો હુકમ કરે |
| પશુ મૃત્યુ, જો દૂધાળુ હોય તો<br>પશુ મૃત્યુ, જો દૂધ ના આપતુ હોય તો<br>પશુ મૃત્યુ, જો મોટી ઉંમર હોય અને દૂધ આપવાનું બંધ કરી દીધુ હોય<br>વાછરડુ/બચ્ચુ | રૂા. ૫,૦૦૦<br>રૂા. ૧,૫૦૦<br>રૂા. ૧,૦૦૦<br>રૂા. ૧,૦૦૦ | રેન્જ ઓફીસર, વનવિભાગ | પશુનો પ્રકાર, ઇજા/મૃત્યુની વિગત, સ્થળ | અરજીને સ્થળ નકશા સાથે, બનાવનાં સ્થળનાં નકશા, પંચનામા[૬] સાથે ફોરેસ્ટ સેકશન ઓફીસર દ્વારા ચકાસવામાં આવે છે અને ડી.એફ.ઓ.ને સોંપવામાં આવે છે. વળતર માટેનો હુકમ ડી.સી.એફ. દ્વારા કરવામાં આવે છે. |



૬ તે લોકોનાં નિરીક્ષણ અને તેમની સહીઓની નોંધ હોય છે . સામાન્ય રીતે તે પાંચ કે તેથી વધુ લોકોનાં સમુહ દ્વારા કરવામાં આવે છે. સરકારી અધિકારીઓ સહીત , સ્થાનિક ગ્રામીણ સંસ્થાઓનાં સભ્યો આ પંચનામાને વધારે મજબુત બનાવી શકે છે

## FOLLOWING TABLE GIVES THE TYPE OF DAMAGE CAUSED, THE AMOUNT THAT IS GIVEN AS COMPENSATION IN GUJARAT, THE AUTHORITY TO APPROACH AND THE PROCEDURE

| NATURE OF ACTION | AMOUNT | AUTHORITY TO APPROACH | DETAILS TO PROVIDE | PROCEDURE |
|---|---|---|---|---|
| Death<br>Permanent injury<br>Injury | Rs. 1 lakh<br>Rs. 10,000<br>Rs. 2,500 | Range Officer, Forest Department | Details of injury, identity proof, copy of ration card | Forest Section Officer (FSO) examines the application and also collects the medical certificate, certificate of hospitalization, nature of injury and presents to the Deputy Conser-vator of Forest (DCF). The DCF gives order of compensation. |
| Cattle death, if milk giving<br>Cattle death if not giving milk<br>Cattle death if old and stopped giving milk<br>Calf | Rs. 5,000<br>Rs. 1,500<br>Rs. 1,000<br>Rs. 1,000 | Range Officer, Forest Depart-ment | Type of cat-tle, details of injury/death, location | The application is scrutinized alongwith site map, map of incident location, panchnama[6] by the FSO and given to the DCF The order for compensation is given by the DCF. |



6 It is a record of observation made and signed by a group of people. Usually it is done by a group of five or more people. Including government officials, members of the local village council can strengthen a panchnama.

# અન્ય પ્રાણીઓ

## માટે પણ પશુઓ જેવી જ સમાન પ્રક્રીયા

| પ્રાણીઓ | રકમ |
|---|---|
| બળદ ( ૨ વર્ષ કે તેનાથી વધારે ) | રૂ. ૪૦૦૦ |
| બળદ ( ૨ વર્ષથી નીચે ) | રૂ. ૨,૦૦૦ |
| ભેંસ, ૨ વર્ષ કરતા વધારે | રૂ. ૨,૫૦૦ |
| ભેંસ, ૨ વર્ષ કરતા નાની | રૂ. ૮૦૦ |
| દૂધ આપતી ભેંસ | રૂ. ૫,૦૦૦ |
| ભેંસ ( દૂધ ના આપતી હોય ) | રૂ. ૧,૫૦૦ |
| ભેંસ કે જે વૃદ્ધ હોય અને મરવા પડી હોય | રૂ. ૧,૦૦૦ |
| સફેદ બકરી | રૂ. ૨૫૦ |
| બકરી | રૂ. ૩૦૦ |
| ઊંટ | રૂ. ૩૫૦૦ |
| ઘોડો | રૂ. ૩,૦૦૦ |
| ગધેડુ | રૂ. ૧,૫૦૦ |



# OTHER ANIMALS

## SAME PROCEDURE AS CATTLE

| ANIMAL | AMOUNT |
|---|---|
| Bullock (2 years and above) | Rs. 4,000 |
| Bullock (less than 2 years) | Rs. 2,000 |
| Buffalo, more than 2 years | Rs. 2,500 |
| Buffalo, less than 2 years | Rs. 800 |
| Milk giving buffalo | Rs. 5,000 |
| Buffalo (not giving milk) | Rs. 1,500 |
| Buffalo which is old and about to die | Rs. 1,000 |
| White goat | Rs. 250 |
| Goat | Rs. 300 |
| Camel | Rs. 3,500 |
| Horse | Rs. 3,000 |
| Donkey | Rs. 1,500 |

**શું સંપૂર્ણ પ્રક્રીયા માટે કોઈ સમય સુચીત કરવામાં આવેલ છે?**

ઉપલબ્ધ માહિતી મુજબ ના।

**શું વળતર ન મળ્યુ હોય તેનાં માટે કોઈ વ્યવસ્થાતંત્ર છે?**

માહિતી મુજબ ના।



**IS ANY TIME PRESCRIBED FOR THE WHOLE PROCESS?**

Not as per the available information.

**IS THERE ANY MECHANISM IN CASE OF COMPENSATION NOT BEING RECEIVED?**

Not as per the available information

CENTRE FOR POLICY RESEARCH

NAMATI
INNOVATIONS IN LEGAL EMPOWERMENT